| | | | |
|---|---|---|---|
| કેસ રજુ તા. | ૦૪/૦૫/૨૦૨૨ | | |
| કેસ દાખલ તા. | ૦૪/૦૫/૨૦૨૨ | | |
| કેસ ફેંસલ તા. | ૧૭/૦૪/૨૦૨૬ | | |
| અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૧૧ | ૧૩ |

# મહે. એડિશ્નલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : પોરબંદર.

**રેગ્યુલર દિવાની મુકદ્દમા નં.૨૯૧/૨૦૨૨**

**આંક. :– ૬૨**

ઉર્વશીબેન મુકુંદરાય વ્યાસ
ઉ.વ.આ.૬૬, ધંધો : નિવૃત
રહે. જુમા આદમ લાઇન,
એસ.વી.પી.રોડ,પોરબંદર. **વાદી.**

**વિ રૂ ઘ્ધ**

(૧) પ્રાણલાલ ગોરધનદાસ રાયઠઠ્ઠા,
વીલના ટ્રસ્ટી નં.૫,
ઉ.વ.આ.૮૫, ધંધો : નિવૃત,
રહે. મુળ જામજોધપુર, હાલ : સાઇબાબાના મંદીર પાછળ,
વેરાવળ (તા.વેરાવળ, જી. ગીર સોમનાથ)

(૨) દિનેશ વિઠ્ઠલદાસ રાયઠઠ્ઠા,
રાયઠઠ્ઠા પરિવારના કુળદેવી પરીવારના સભ્ય,
ઉ.વ.આ.૫૭, ધંધો : વેપાર,
રહે. તીલક સોસાયટી, સ્વામી મંદિર સામે,
બાયપાસ, વેરાવળ (તા.વેરાવળ, જી. ગીર સોમનાથ)

(૩) અતુલકુમાર મગનલાલ રાયઠઠ્ઠા,
રાયઠઠ્ઠા પરિવારના કુળદેવી પરીવારના સભ્ય,
ઉ.વ.આ.૫૨, ધંધો : વેપાર,
રહે. ૮૦ ફુટ રોડ, ધરતી મેસવાળી ગલી,
વેરાવળ (તા.વેરાવળ, જી. ગીર સોમનાથ)

(૪) ગીરીશ આર. રાયઠઠ્ઠા,
રાયઠઠ્ઠા પરિવારના કુળદેવી પરીવારના સભ્ય,
ઉ.વ.આ....., ધંધો : વેપાર,
રહે. ગોલ્ડન સીટી–૧, ઝાંઝરડા રોડ, બાયપાસ
ગોલ્ડન હાઈટસ, બ્લોક નં.એ–૫૦૨,
રહે. જુનાગઢ.

(૫) સંદિપ વી. રાયઠઠ્ઠા,
રાયઠઠ્ઠા પરિવારના કુળદેવી પરીવારના સભ્ય,
ઉ.વ.આ.૪૮, ધંધો : વેપાર,
રહે. ૬૦ ફુટ રોડ, વૃન્દાવન પાર્ક,
વેરાવળ (તા.વેરાવળ, જી. ગીર સોમનાથ)

(૬) રમેશભાઈ નારણભાઈ રાયઠઠ્ઠા,
રાયઠઠ્ઠા પરિવારના કુળદેવી પરીવારના સભ્ય,
ઉ.વ.આ.૫૮, ધંધો : વેપાર,
રહે. જીન પ્રેસ ઝુંડાળા, અંબે માતાના મંદિર સામે,
તા.જી. પોરબંદર. પ્રતિવાદીઓ.

**બાબત :** **વીલ યાને વસિયતનામાનું પ્રોબેટ મેળવવા બાબત..**

---

**વાદી તરફે :– વિ.વકીલ શ્રી એમ.પી.પોસ્તરીયા.**
**પ્રતિવાદીઓ તરફે :– વિ.વકીલ શ્રી એન.ડી.કક્કડ**

---

**– :: ઠ રા વ ::–**

**(૧)** આ કામના અરજદાર (વાદી) દ્વારા ગુજરનાર હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠ્ઠા નાઓ તા.૧૮/૦૭/૧૯૮૦ ના રોજના વીલ યાને વસીયતનામાનું પ્રોબેટ મેળવવા માટે ઈન્ડીયન સકશેન એક્ટની કલમ ૨૭૨ અન્વયે અરજી દાખલ કરેલ હતી. જે અરજી પ્રથમ દિવાની પરચુરણ અરજી નં.૨૩/૨૦૨૨ થી નોંધવામાં આવેલ હતી. ત્યાર બાદ તે અરજીના કામે જાહેર નોટીસની પ્રસિદ્ધી તા.૦૨/૦૭/૨૦૨૨ ના દિવ્ય ભાસ્કર દૈનિક વર્તમાનપત્રમાં કરવામાં આવતા તે અરજી સામે આ કામના સામાવાળાઓ

(પ્રતિવાદીઓ) દ્ધારા આંક.૧૩ થી લેખિતમાં વાંધા રજુ કરવામાં આવતાં સદરહુ દિવાની પરચુરણ અરજી તકરારી બની જતા જે તે વખતના સેકન્ડ એડીશ્નલ સિવિલ જજ સાહેબશ્રીનાઓએ નામદાર ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબને તેમની કચેરીના જા.નં.૨૬૬/૨૦૨૨ તા.૧૪/૧૨/૨૦૨૨ ના રોજ પત્ર લખી સદરહુ કામ ચલાવવા તેઓને હકુમત ન હોવાથી આ કામ યોગ્ય જ્યુરીસ્ડીક્શન ધરાવતી કોર્ટમાં તબદીલ કરી આપવા વિનંતી કરેલ હતી. જેથી નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની કચેરીના જા.નં.એ/૧૪૪૯/૨૦૨૨ તા.૧૫/૧૨/૨૦૨૨ ના રોજ સેકન્ડ એડીશ્નલ સિવિલ જજ પોરબંદરનાઓને પત્ર લખી તેઓ દ્ધારા તા.૧૪/૧૨/૨૦૨૨ રોજ સદરહુ મેટર પ્રિન્સીપાલ સિનીયર સિવિલ કોર્ટમાં ટ્રાન્સફર કરવા માટે જે હુકમ કરેલ હતો તેની જાણ કરવામાં આવેલ હતી. જે અનુસંધાને સેકન્ડ એડીશ્નલ સિવીલ જજ, પોરબંદરનાઓએ તેમની પાસે રહેલ દિ.પ.અ.નં.૨૩/૨૦૨૨ નું અસલ રેકર્ડ અને પ્રોસીડીંગ્સ તેમની કચેરીના જા.નં.૨૬૮/૨૦૨૨ તા.૧૬/૧૨/૨૦૨૨ થી પ્રિન્સીપાલ સિનીયર સિવિલ કોર્ટ, પોરબંદરને મોકલી આપેલ. ત્યાર બાદ તા.૧૬/૧૨/૨૦૨૨ ના રોજ પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજશ્રી પોરબંદરનાઓએ સદરહુ દિ.પ.અ.નં.૨૩/૨૦૨૨ ના કામે આંક.૦૧ નીચે હુકમ કરી ભારતીય વારસાઇ ધારાની કલમ ૨૯૫ અન્વયે સદરહુ કામને દિવાની દાવા તરીકે રજીસ્ટરે નોંધવા હુકમ કરવામાં આવેલ હતો. ત્યાર બાદ સદરહુ કામે અત્રેની અદાલત તરફે ન્યાયિક નિર્ણય માટે ટ્રાન્સફર થઇ આવેલ છે.

**(૨)** વાદી / અરજદારે તેમની અરજીમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

(૧) અમો અરજદાર શહેર પોરબંદરના રહીશ છીએ. શહેર પોરબંદરમાં સ્ટેશન રોડ ઉપર લેખ રજી નં-૧૨૮/૪૪-૪૫ સિટી સર્વે વોર્ડ નં-૨ સર્વે નં-૪૫૯૮ ક્ષેત્રફળ ચો.વાર ૧૭૪-૬-૯ વાળું મકાન

લોહાણા હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠાએ તા.૩૦/૦૫/૧૯૬૨ ના રોજ શ્રીગંગાશંકર બેચર તથા શ્રીભગવાનજી બેચર પાસેથી રૂ.૭૭૫૦/- આ મકાનમાં લોહાણા જ્ઞાતિના રાયઠઠા પરિવારના કુળદેવીનું સિંધવી માતાજીનું મંદિર આવેલ છે અને મકાનનું નામ હંસરાજ નાનજી રાયઠઠા છે.

(૨) હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠા અપરિણત હતા અને અમો અરજદાર હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠાની દવા સારવાર સેવા ચાકરી સગી પુત્રીની માફક કરતા હતા અને રાયઠઠા પરિવારના કુળદેવી સિંધવી માતાજીના મંદિરમાં સેવા પૂજા કરતા હતા. હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠા તા.૦૧/૦૯/૧૯૯૨ ના રોજ અવસાન પામેલ છે અમોએ તેમની હયાતી સુધી સેવા ચાકરી ભરણપોષણ દવા સારવાર કરેલ અને તેમની મરણોતરક્રિયા પણ અમોએ કરાવેલ હતી. તેમજ તેમની પાછળ ભાગવત કથા પણ તા.૧૫/૧૨/૨૦૦૦ ના રોજ કરાવેલી હતી.

(૩) હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠા તા.૦૧/૦૯/૧૯૯૨ ના રોજ અવસાન પામ્યા ત્યારે તેમની ઉંમર ૯૨ વર્ષની હતી. હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠાએ તેમની હયાતીમાં **તા.૧૮/૦૭/૧૯૮૦ ના રોજ** વીલ યાને વસીયતનામું કરેલ આ વીલ પોરબંદરની સબ રજીસ્ટાર કચેરીમાં અનુક્રમ નં- ૨૨૧૧ થી તા.૧૯/૦૭/૧૯૮૦ ના રોજ રજીસ્ટર કરવામાં આવેલ છે. વીલ બે સાક્ષીની રૂબરૂ કરેલ છે અને વીલ કરતે સમયે હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠાની તબીયત સારી હોવા અંગેનું ડોકટરે સર્ટીફીકેટ તા.૧૯/૦૭/૧૯૮૦ ના વસીયતનામામાં લખી આપેલ છે. અને આ વીલ યાને વસીયતનામાથી અમો અરજદારને સિટી સર્વે વોર્ડ નં-૨ સર્વે નં- ૪૫૯૮ ક્ષેત્રફળ ચો.વાર ૧૭૪-૬-૯ વાળું મકાન તેમની હયાતી બાદ મળે તે રીતે વીલ યાને વસીયતનામું લખી આપેલ છે. **ગુજરનાર હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠા દ્વારા**

**તા.૧૮/૦૭/૧૯૮૦ ના વીલ યાને વસીયતનામું અમારા નામે કર્યાથી તેમની હયાતી સુધી નવું કોઈ વીલ કે વસીયતનામું કે પુરવણી વીલ કરેલ નથી અને તેમનું છેલ્લું કરેલું છેલ્લું વીલ અમલવારીને પાત્ર છે.**

(૪) ગુજરનારની ઉપરોકત મિલ્કત બાબતે કે વીલ સબંધે હાલની અરજી સિવાય ભારતની કોઈ અદાલતમાં પ્રોબેટ કે વારસા સર્ટીફીકેટ મળવા માટેની કોઈ અરજી કરેલ નથી.

(૫) અમો અરજદારને ગુજરનાર હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠા દ્વારા તેમના વીલ યાને વસીયતનામાથી અમોને મિલકતના હક્કદાર ઠરાવેલ હોય જેથી ગુજરનારની મિલકતનું પ્રોબેટ મળવા માટે હાલની અરજી કરેલી છે.

(૬) જેથી આ અરજી લાવી અરજ કરવાની કે :–

(૧) ગુજરનાર હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠાના તા.૧૮/૦૭/૧૯૮૦ ના વીલ યાને વસીયતનામાનું અરજીમાં શેડયુલમાં જણાવેલ મિલ્કત સબંધે અમો અરજદારના નામનું પ્રોબેટ ઈસ્યુ કરી આપવા નમ્ર અરજ છે.

(૨) કાયદા તથા હકીકતે મળી શકતી હરકોઈ દાદ અગર હુકમ અપાવવા નમ્ર અરજ છે.

(૭) આ અરજી ઉપર જરૂરી કોર્ટફી સ્ટેમ્પ રજુ છે. આ અરજીથી માંગવામાં આવેલ પ્રોબેટ માટેની કોર્ટફી સ્ટેમ્પ નામદાર કોર્ટના હુકમ અન્વયે રજુ કરવા તૈયાર છીએ.

(૮) અમો અરજદારનું વકીલાતનામું રજુ છે. સરનામા પુરસીસ રજુ છે. કોર્ટને આપવાની નકલ રજુ છે. પ્રોસેસ રજુ છે.'

**(૩)** વાદી/અરજદારે તેમની અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારના આધારકાર્ડની નકલ | ૨૦ |
| ૨ | હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠ્ઠાના મકાનના સનદની નકલ | ૨૧ |
| ૩ | હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠ્ઠાએ અરજદાર જોગ કરેલ વીલની નકલ | ૨૨ |
| ૪ | હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠ્ઠાના મરણના પ્રમાણપત્રની નકલ | ૨૩ |
| ૫ | હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠ્ઠાના મકનના પ્રોપટી કાર્ડની નકલ | ૨૪ |
| ૬ | હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠ્ઠાના મકનના વેરાની પહોંચની નકલ | ૨૫ |
| ૭ | હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠ્ઠાના મકનના વેરા ભરપાઈ કર્યાની નકલ | ૨૬ |
| ૮ | હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠ્ઠાના મકનના લાઇટબીલની નકલ | ૨૭ |

(૪) અરજદાર/વાદી દ્વારા કરવામાં આવેલ અરજી અન્વયે જાહેર નોટીસ પ્રસિદ્ધીનો હુકમ કરવામાં આવતાં સદરહુ નોટીસ તા.૦૨/૦૭/૨૦૨૨ ના દૈનિક વર્તમાનપત્ર 'દિવ્ય ભાસ્કર' માં પ્રસિદ્ધ કરવામાં આવેલ તેની પ્રત આ કામે આંક.૦૬ ના દસ્તાવેજી પુરાવા લિસ્ટ સાથે રજુ કરવામાં આવેલ છે. સદરહુ નોટીસની જાહેર પ્રસિદ્ધી બાદ આ કામના સામાવાળા / પ્રતિવાદીઓ દ્વારા વાદી / અરજદારની હાલની અરજી સામે તેઓના લેખિતમાં વાંધા જવાબ આંક.૧૩ થી રજુ રાખેલા છે. જેમાં તેઓએ નીચે મુજબની હકીકત જણાવેલ છે.

‘(૧). અમો વાંધેદારો પૈકી વાંધેદાર નં. ૧ હાલની અરજીવાળા વીલ પછી ગુજરનાર દ્વારા કરવામાં આવેલા રજીસ્ટર વીલ અનુક્રમ નં.૬૩૫ તા.૧૬/૦૨/૧૯૮૩ થી ગુજરનારે નિમેલા ક્રમ નં.૫ ના ટ્રસ્ટી છીએ જયારે બાકીના ક્રમ નં.૨ થી ૬ ના વાંધેદારો વીલમાં જણાવેલા

રાયઠઠ્ઠા પરીવારના કુળદેવી સિંધવી માતાજી પરીવારના માતાજીમાં આસ્થા ધરાવતાં સભ્યો રહેલા છીએ.

(૨). **અરજદાર હાલની અરજી જે રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૨૧૧ તા. ૧૯/૦૭/૧૯૮૦ ના આધારે લાવેલ છે તે વીલ ગુજરનાર દ્વારા તે પછીના રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૦૨૪ તા.૨૮/૦૫/૧૯૮૨ ના આધારે રદબાતલ, બીન અમલી અને નિરર્થક ઠરાવેલ હોય અરજદારને હાલની અરજી કરવા કોઈ LOCUS STANDY ન હોય અરજદારની અરજી રદ થવા પાત્ર છે.**

(૩). અરજદારે જે વીલના આધારે હાલની પ્રોબેટ મેળવવાની અરજી કરેલ છે જે વીલ બાદ ગુજરનાર લોહાણા હંસરાજ નાનજીભાઈ દ્વારા રજીસ્ટર અનુક્રમ નં.૨૦૨૪ તા.૨૮.૦૫.૧૯૮૨ નું તથા ત્યારબાદ રજીસ્ટર વીલ અનુક્રમ નં.૬૩૫ તા.૧૬/૦૨/૧૯૮૩ નું તથા ત્યારબાદ તા. ૧૬/૦૨/૧૯૮૩ ના વીલને આનુસાંગિક તા.૧૫/૦૯/૧૯૮૮ ના રોજના પુરવણી વીલની હકીકત અરજદાર તરફે છુપાવવામાં આવેલી હોય અને તે રીતે અરજદાર આપ નામદાર કોર્ટ સમક્ષ WITH CLEAN HANDS આવેલા ન હોય, અરજદારની અરજી રદ થવા પાત્ર છે.

(૪). વળી અરજદાર હાલની અરજી જે વીલ આધારે લાવેલ છે તે વીલ પછીના ગુજરનારના રજીસ્ટર અનુક્રમ નં.૨૦૨૪ તા.૨૮.૦૫.૧૯૮૨ ના વીલથી અરજદારની તરફેણમાં કરવામાં આવેલ વીલ રદબાતલ ઠરાવેલ હોય ત્યારે અરજદારને હાલની અરજી કરવા કોઈ CAUSE OF ACTION ઉભું થયેલ હોવાનું પણ અરજદારની અરજી ઉપરથી સ્પષ્ટ થતું ન હોય, અરજદારની અરજી NON CAUSE OF ACTION ના કારણે રદ થવા પાત્ર છે.

(૫). વળી, અરજદારે તેની હાલની અરજીમાં ગુજરનારે વીલમાં નિમણુંક કરેલા ટ્રસ્ટીઓને કે તે પૈકીના કોઈ જરૂરી અને આવશ્યક પક્ષકારને આ કામે પક્ષકાર તરીકે કે અરજદાર તરીકે સામેલ રાખેલા ન

હોય અને તે રીતે અરજદારની હાલની અરજીને સ્પષ્ટપણે NON JOINDER OF NECESSARY PARTY નો સ્પષ્ટપણે બાધ નડતો હોય અરજદારની અરજી આ એકમાત્ર કાનુનિ મુદ્દા આધારીત રદ થવા પાત્ર છે.

(૬). વળી, ગુજરનાર લોહાણા હંસરાજ નાનજીભાઈ દ્વારા કરવામાં આવેલ છેલ્લું રજીસ્ટર વીલ અનુક્રમ નં.૬૩૫, તા.૧૬/૦૨/૧૯૮૩ નું તથા તેને આનુસાંગિક તા. ૧૫/૦૯/૧૯૮૮ ના રોજના પુરવણી વીલના પેરા–૫ મુજબ અરજીમાં જણાવેલ મકાન કોઈપણ વ્યકિતને સ્વતંત્ર માલિક તરીકે પ્રાપ્ત થશે નહી તેવું સ્પષ્ટ ઠરાવેલ હોય, વળી ગુજરનારે હાલની અરજીવાળું રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૨૧૧, તા.૧૯/૦૭/૧૯૮૦ નું તે પછીના રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૦૨૪ તા.૨૮/૦૫/૧૯૮૨ ના આધારે રદબાતલ, બીન અમલી અને નિરર્થક ઠરાવેલ હોય તેમ છતાં અરજદાર હાલની અરજી રદબાતલ, બીન અમલી અને નિરર્થક ઠરાવેલ રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૨૧૧ તા.૧૯/૦૭/૧૯૮૦ આધારે લાવેલા હોય અરજદારની અરજી રદ થવા પાત્ર છે.

(૭). અરજદારની અરજી પેરા–(૧) ની હકીકત ખરી છે.

(૮). અરજદારની અરજી પેરા–(૨) ની હકીકત પૈકી અરજદાર મંદિરમાં સેવાપૂજા કરતાં હોવાની હકીકત ખરી છે તે સીવાયની બાકીની આ પેરાની હકીકત સબંધે અમો વાંધેદારોને કોઈ જાત માહિતી રહેલ ન હોય તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરીયે છીએ.

(૯). અરજદારની અરજી પેરા–(૩) ની હકીકત પૈકી ગુજરનાર હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠ્ઠા દ્વારા તા. ૧૮/૦૭/૧૯૮૦ ના વીલ બાદ નવું કોઈ વીલ કે વસીયતનામું કે પુરવણી વીલ કરેલ નથી અને તેમનું છેલ્લું કરેલું વીલ અમલવારીને પાત્ર હોવાની હકીકત ખરી ન હોય તેનો અમો વાંધેદારો સ્પષ્ટપણે ઈન્કાર કરીયે છીએ. જયારે હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠ્ઠા તા.૦૧/૦૯/૧૯૯૨ ના રોજ

અવસાન પામેલ ત્યારે તેમની ઉમર ૯૨ વર્ષની હોવા સબંધે અમો વાંધેદારોને કોઈ જાત માહિતી રહેલ ન હોય તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરીયે છીએ. તે સીવાયની આ પેરાની બાકીની તમામ હકીકત રેકર્ડ આધારીત ખરી છે.

(૧૦). અરજદારની અરજી પેરા-(૪) ની હકીકત સબંધે અમો વાધેદારોને કોઈ જાત માહિતી રહેલ ન હોય તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરીયે છીએ.

(૧૧).અરજદારની અરજી પેરા-(૫) ની હકીકત પૈકી ગુજરનારની મિલ્કતનું પ્રોબેટ મળવા હાલની અરજી કરેલ હોવા પુરતી હકીકત ખરી છે તે સીવાયની બાકીની આ પેરાની તમામ હકીકત અરજદાર દ્ધારા સાચી હકીકતો છુપાવીને ગુજરનારે અરજદારે અરજીમાં જણાવેલ વીલ પછી વીલ તથા પુરવણી વીલ કરેલ હોવાની હકીકત છુપાવીને હાલની અરજી કરવાના કારણસર પોતાની રીતે તદ્ઘન ખોટી, મનઘડત અને ઉપજાવી કાઢેલી જણાવેલી હોય તેનો અમો વાંધેદારો સ્પષ્ટપણે ઈન્કાર કરીયે છીએ. ખરી હકીકતે ઉપરના પેરામાં વિગતવાર જણાવ્યું તે મુજબ ગુજરનારે હાલની અરજીવાળું રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૨૧૧, તા.૧૯/૦૭/૧૯૮૦ નું તે પછીના રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૦૨૪ તા.૨૮/૦૫/૧૯૮૨ ના આધારે રદબાતલ, બીન અમલી અને નિરર્થક ઠરાવેલ હોય તેમ છતાં અરજદાર હાલની અરજી રદબાતલ, બીન અમલી અને નિરર્થક ઠરાવેલ રજીસ્ટર વીલ અનુક્રમ નં. ૨૨૧૧ તા.૧૯/૦૭/૧૯૮૦ આધારે લાવેલા હોય અરજદારની અરજી રદ થવા પાત્ર છે.

(૧૨).ઉપરોકત વિગતવારના રેકર્ડ ઉપરના વાંધા અન્વયે તથા તે સાથેના રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા આધારે અરજદાર તેની હાલની અરજીના પેરા-(૬) ના પેટા પેરા-(૧) તથા (૨) ની કોઈ દાદ કે હુકમ મેળવવાને પા થતાં ન હોદય અરજદારની અરજી ખર્ચ સહિત રદ કરતો ઘટીત ન્યાયીક હુકમ કરવા અરજ છે.

(૧૩). અરજદારની અરજી પેરા-(૭) તથા (૮) ની હકીકત કોર્ટ પ્રોસીજર તથા કોર્ટ ફી એકટના પ્રોવીઝન સબંધેની તથા નામદાર કોર્ટ દ્વારા ન્યાચીક હુકમ કરવામાં આવ્યા પછીની હોય તે સબંધે અમો વાંધેદારોએ કશું કહેવાપણું રહેતું નથી.

(૧૪) અરજદારની અરજીની હકીકતો/ મજકૂરો પૈકી અમો વાંધેદારોના ઉપરોકત વાંધામાં અમોએ કબુલ કરેલી હકીકતો સીવાયની બાકીની અરજદારની અરજીની હકીકતો/મજકૂરોનો અમો વાંધેદારો સ્પષ્ટપણે ઈન્કાર કરીચે છીએ.

ઉપરોકત વિગતવારના વાંધા અન્વચે અરજદાર હાલની અરજી જે રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૨૧૧ તા.૧૯/૦૭/૧૯૮૦ ના આધારે લાવેલા છે તે વીલના કર્તા હસરાજ નાનજીભાઈ રાયઠઠ્ઠાએ તે પછીના રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૦૨૪ તા.૨૮/૦૫/૧૯૮૨ ના આધારે અરજદારે કરેલ અરજીવાળું વીલ રદબાતલ, બીન અમલી અને નિરર્થક ઠરાવેલ હોય અને તેથી અરજદારની અરજી આવા રદબાતલ બીન અમલી અને નિરર્થક વીલ આધારે કાયદા મુજબ ચાલવા પાત્ર મંજુર થવા પાત્ર કે. ટકવાપાત્ર રહેલ ન હોય અરજદારની અરજી ખર્ચ સહિત રદ કરતો ઘટીત ન્યાચીક હુકમ કરવા અરજ છે.'

**(૫)** પ્રતિવાદીઓ/સામાવાળાઓએ તેમની અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| **અ.નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નં.૧ ના ફોટો આઇ.ડી. (આધારકાર્ડ)ની નકલ | ૪૩ |
| ૨ | પ્રતિવાદી નં.૨ ના ફોટો આઇ.ડી. (આધારકાર્ડ)ની નકલ | ૪૪ |
| ૩ | પ્રતિવાદી નં.૩ ના ફોટો આઇ.ડી. (આધારકાર્ડ)ની નકલ | ૪૫ |
| ૪ | પ્રતિવાદી નં.૪ ના ફોટો આઇ.ડી. | ૪૬ |

| | | |
|---|---|---|
| | (આધારકાર્ડ)ની નકલ | |
| ૫ | પ્રતિવાદી નં.૫ ના ફોટો આઇ.ડી. (આધારકાર્ડ)ની નકલ | ૪૭ |
| ૬ | પ્રતિવાદી નં.૬ ના ફોટો આઇ.ડી. (આધારકાર્ડ)ની નકલ | ૪૮ |
| ૭ | હંસરાજ નાનજીભાઇ રાયઠઠ્ઠા દ્વારા કરવામાં આવેલ રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૦૨૪ ની પ્રમાણીત નકલ | ૪૯ |
| ૮ | હંસરાજ નાનજીભાઇ રાયઠઠ્ઠા દ્વારા કરવામાં આવેલ રજીસ્ટર વીલ અનુક્રમ નં.૬૩૫ ની પ્રમાણીત નકલ | ૫૦ |
| ૯ | હંસરાજ નાનજીભાઇ રાયઠઠ્ઠા દ્વારા કરવામા આવેલ પુરવણી વીલની નકલ | ૫૧ |

**(૬)** આ કામે વાદી તરફે તેમનું સી.પી.સી. ઓર્ડર ૧૮, રૂલ-૪ મુજબનું પુરાવા સ્વરૂપનું સોગંદનામુ રજુ થયેલ છે જેમાં તેઓએ તેમની અરજીની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે અને માંગ્યા મુજબની દાદ મંજુર કરવા જણાવેલ છે. સદર વાદીની સામાવાળા પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે કબુલ કરેલ છે કે, તેમણે જે મિલ્કતનું પ્રોબેટ મળવાની અરજી કરી છે તેમાં લુહાણા જ્ઞાતીના રાયઠ્ઠઠા અટક ધરાવતા કુટુંબનું સીંધવી માતાજીનું મંદિર આવેલુ છે. વધુમાં કબુલ કરેલ છે કે સીંધવી માતાજીના મંદિર માટે મિલ્કત હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠ્ઠઠાએ આપેલી છે. વધુમાં કબુલ કરેલ છે કે સીંધવી માતાજીના મંદિરમાં તેઓ નિત્યક્રમ મુજબ સેવાપુજા, આરતી વગેરે કરે છે. વધુમાં કબુલ કરેલ છે કે આ મંદિરમાં તેઓ પણ રાત રોકાતા નથી અને કોઈ પણ વ્યક્તિ રાત રોકાય શકતુ નથી. વધુમાં કબુલ કરેલ છે કે સીંધવી માતાજીના મંદિરમાં જે સેવા પુજા વગેરેનો ખર્ચ થાય તે મંદિરમાં આવતી ભેટમાંથી કરવામાં આવે છે. વધુમાં કબુલ કરેલ છે કે તેમણે હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠ્ઠઠાના તા.૧૮/૦૭/૧૯૮૦ના આ કામમાં માર્ક-૪/૩, આંક-૨૨થી રજુ કરેલ વિલ અન્વયે પ્રોબેટ મેળવવા અરજી કરેલ છે. આ વિલ તેમણે વાંચેલુ છે. વધુમાં કબુલ કરેલ છે કે આંક-૨૨થી

રજુ થયેલ વિલના પારા–૬માં ગુજરનારની મિલકતનો કબ્જો સંભાળવા અને મિલ્કતનો ઉપયોગ કરવા વિગેરે જણાવેલ છે. વધુમાં કબુલ કરેલ છે કે આંક–૨૨ના વિલના પારા–૭માં જણાવેલી હકીકત ખરી છે. વધુમાં કબુલ કરેલ છે કે આંક–૨૨ના વિલના પારા–૧૦માં જણાવેલી હકીકત ખરી છે. ગુજરનાર હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠ્ઠાએ હાલના વિલ બાદ અન્ય કોઈ વિલ કરેલા છે કે કેમ તેની તેમને ખબર નથી. તેમને કોર્ટના રેકર્ડમાંથી માર્ક–૧૪/૭ વાળો દસ્તાવેજ અનુક્રમ નં.૨૦૨૪ તા.૨૮/૦૫/૧૯૮૨નું વિલ બતાવવામાં આવતા તે જોઈને જણાવેલ છે કે તે વિલ ખોટુ છે. વધુમાં કબુલ કરેલ છે કે માર્ક–૧૪/૭ વાળા દસ્તાવેજમાં એવુ લખેલ છે કે તા.૧૯/૦૩/૧૯૮૦નું વિલ રદ ઠરાવુ છુ. માર્ક–૧૪/૭ વાળા દસ્તાવેજના પારા–૮, ૯ અને ૧૦ માં લખેલ હકીકત ખરી છે. વધુમાં તેમને કોર્ટના રેકર્ડમાંથી માર્ક–૧૪/૮ વાળો દસ્તાવેજ અનુક્રમ નં.૬૩૫ તા.૧૬/૦૨/૧૯૮૩ નું વિલ બતાવવામાં આવતા તે જોઈને કહે છે કે તે વિલ ખોટુ છે. વધુમાં કબુલ કરેલ છે કે માર્ક–૧૪/૮ વાળા વિલના પારા–૨માં અગાઉના બે વિલ તા.૧૯/૦૭/૧૯૮૦ તથા તા. ૨૮/૦૫/૧૯૮૨ના વિલ રદ કર્યાનું જણાવેલ છે. વધુમાં કબુલ કરેલ છે કે માર્ક–૧૪/૮ વાળા વિલમાં જણાવેલ હકીકત ખરી છે. વધુમાં તેમને કોર્ટના રેકર્ડમાંથી માર્ક–૧૪/૯ વાળો દસ્તાવેજ તા.૧૫/૦૯/૧૯૮૮ નું પુરવણી વિલ બતાવવામાં આવતા તે જોઈને જણાવેલ છે કે તે વિલ ખોટું છે. વધુમાં કબુલ કરેલ છે કે માર્ક–૧૪/૯ વાળા વિલમાં જણાવેલ હકીકત ખરી છે. વધુમાં કાયદા મુજબ તેમને પ્રોબેટનું વિલ મળવાપાત્ર નહી હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

ત્યાર બાદ વાદી તરફે સાહેદ **પ્રમોદભાઈ બાબુલાલ ભાયાણી** નાઓનુ સી.પી.સી. ઓર્ડર ૧૮, રૂલ–૪ મુજબનું પુરાવા સ્વરૂપનું સોગંદનામુ રજુ થયેલ છે જેમાં તેઓએ નીચે મુજબની હકીકતો જણાવેલ છે.

'આથી અમો નીચે સહી કરનાર શ્રી પ્રમોદભાઈ બાબુલાલ ભાયાણી ઉ.વ.આ.૭૮ ધંધો.નિવૃતી રહે.એસ.વી.પી રોડ, સાંઇ દર્શન એપાર્ટમેન્ટ પોરબંદર તે આથી મારી સત્ય અને ધર્મ પ્રતિજ્ઞા ઉપર સોગંદ લઇ સોગંદ ઉપર જાહેર કરૂ છું કે,

(૧) હું શહેર પોરબંદરમાં એસ.વી.પી રોડ ઉપર આવેલ સાંઇ દર્શન એપાર્ટમેન્ટમાં રહું છું. આ કામના વાદીને ઘણા વર્ષથી ઓળખું તેઓ અમારા પાડોશી થાય છે. શહેર પોરબંદરમાં રેલ્વે સ્ટેશન રોડ ઉપર લોહાણા હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠા રહેતા હતા. અને તેઓ લોહાણા જ્ઞાતિના હતા અને અપરણિત જીવન જીવતા હતા અને તેમના મકાનમાં લોહાણા જ્ઞાતિના રાયઠઠા પરિવારના કુળદેવી સિંધવી માતાજીનું મંદિર આવેલ છે. તેમાં વાદી સગીર વયના હતા ત્યારથી સેવા ચાકરી કરતા આવેલ છે અને તેથી, લોહાણા હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠા દ્વારા તા.૧૮/૦૭/૧૯૮૦ ના રોજ વીલ યાને વસીયતનામું પોરબંદરના સીનીયર એડવોકેટ મધુસુદન એ.મહેતા પાસે તૈયાર કરાવડાવેલ અને તે વીલ પોરબંદરની સબ રજીસ્ટાર કચેરીમાં અનુક્રમ નં– ૨૨૧૧ થી તા.૧૯/૦૭/૧૯૮૦ ના રોજ રજીસ્ટર કરવામાં આવેલ છે. અને તે વીલ આ કામે વાદીએ રજુ રાખેલ છે. જે વીલમાં પ્રથમ હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠાએ સહી કરેલ હતી ત્યારે તેમની શારીરિક, માનસીક સ્થિતી સારી હતી તેઓ તંદુરસ્ત હતા અને તે સબંધે ડોકટર દ્વારા પણ સર્ટીફીકેટ આપવામાં આવેલ હતું. અને તે વીલમાં સાક્ષી તરીકે મારી સહી છે અને આ વીલથી વાદી ઉર્વશીબેન મુકુંદરાય વ્યાસને વારસદાર તરીકે ઠરાવેલ છે તે હું જાણુ છું. વાદી દ્વારા વીલનું પ્રોબેટ મળવા માટેની અરજી કરેલ છે તેમાં લખી હકીકત ખરી છે.'

સદર સાહેદની સામાવાળા તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે જણાવેલ છે કે તેમણે હાલનુ આંક ૩૩ વાળુ સોગંદનામુ વાચેલ છે. આ કામના વાદી ઉર્વશીબેન લોહાણા જ્ઞાતીના

રાયઠઠા પરીવારના સીંઘવી માતાજીના મંદીરમા પુજાપાઠનુ કામ કરતા હતા અને હજુ પણ કરે છે. વધુમાં ઉર્વશીબેન ને પુજાપાઠ માટે રાખવા તેમણે ભલામણ કરેલી હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમાં કબુલ કરેલ છે કે ઉર્વશીબેનના પિતાશ્રીને હંસરાજભાઈ સાથે સબંધ હતા. સીનીયર એડવોકેટ મઘુભાઈ મહેતાને વિલ રજીસ્ટર થયુ તેના બે ત્રણ દિવસ પહેલા વિલ બનાવવાની સુચના આપવા તેઓ ગયેલ હતો. વિલ થયા બાદ તેમણે વિલ વાંચેલુ. વધુમાં જણાવેલ છે કે તેમણે વિલ વાંચીને સાક્ષી તરીકે સહી કરેલી. ત્યાર બાદ મઘુભાઈ મહેતાની ઓફીસેથી સદર વિલ તૈયાર થઈને રજીસ્ટર થઈને તેમને વિલ આપેલુ હતુ. હંસરાજભાઈએ કેટલા વિલ બનાવેલા છે તે વિશે તેઓ કાઈ જાણતા નથી. વધુમાં કબુલ કરેલ છે કે આંક ૨૨ થી રજુ થયેલા વિલ ના પેરેગ્રાફ નં. ૬, ૭, ૧૦ મા લખેલ હકીકત સાચી છે.

ત્યાર બાદ વાદી તરફે સાહેદ **જયંતીલાલ જેઠાલાલ રાયઠઠ્ઠા** નાઓનુ સી.પી.સી. ઓર્ડર ૧૮, રૂલ–૪ મુજબનું પુરાવા સ્વરૂપનું સોગંદનામુ રજુ થયેલ છે જેમાં તેઓએ નીચે મુજબની હકીકતો જણાવેલ છે.

'(૧) અમો લોહાણા જ્ઞાતિના છીએ. અને અમારી લોહાણા જ્ઞાતિના હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠાના શહેર પોરબંદરમાં રેલ્વે સ્ટેશન રોડ ઉપર આવેલ તેઓના મકાનમાં અમારા રાયઠઠા પરિવારના કુળદેવી સિંધવી માતાજીનું મંદિર આવેલ છે. આ મંદિરમાં આ કામના વાદી ઉર્વશીબેન મુકુંદરાય વ્યાસ ઘણાં વર્ષોથી પૂજારી તરીકે સેવા આપી મંદિરની દેખરેખ કરી રહેલા છે. અને ઉર્વશીબેન સગીર અવસ્થાથી મંદિરમાં સેવા પૂજા કરી રહેલ છે. અને ગુજરનાર હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠા અપરણિત હતા અને તેની સેવા ચાકરી, દવા સારવાર ઉર્વશીબેન મુકુંદરાય વ્યાસ કરતા હતા. તેમજ ઉર્વશીબેનની પાસે હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠાની મિલ્કતનો કબ્જો ભોગવટો રહેલ છે. અમો ઘણા વર્ષોથી નિયમીત રીતે "સિંધવી"

માતાના મંદિરે જઈએ છીએ. અને આ મિલ્કત હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠા દ્વારા ઉર્વશીબેન મુકુંદરાય વ્યાસને વીલથી આપેલ છે તેવું મને જાણવા મળેલ છે.'

સદર સાહેદે સામાવાળા પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે તેમણે આ કામમાં સોગંદનામુ કરેલ છે તે તેમણે વાંચેલ છે. તેઓ તેમની કુળદેવી સીંધવી માતાજીના મંદિરે છેલ્લા ૫૦ વર્ષથી દર્શન કરવા જાય છે. તેમની કુળદેવી સીંધવી માતાજીના મંદિરે સેવા પુજાનું કામ આ કામના વાદી ઉર્વશીબેન કરે છે. આ કુળદેવી સીંધવી માતાજીના મંદિરના માલીક હંસરાજભાઈ રાયઠઠ્ઠ છે. તેમને જુબાની આપવા માટે આ કામના વાદી ઉર્વશીબેને કહેલુ. સીંધવી માતાજીના મંદિર વાળી મિલ્કત કોણે કોને આપેલ છે તે બાબતનું લખાણ તેઓએ જોયેલ નથી અને વાંચેલ પણ નથી. તે બાબતે ચોક્કસ તેઓ કાંઈ કહી શકે નહી. વધુમાં આ મંદિરમાં રાત્રે વાદી રોકાતા નહી હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમાં ઉપર જણાવેલ હકીકત વાદીને મદદ કરવા માટે ખોટી જણાવતા હોવાનો પણ ઈન્કાર કેલ છે. વધુમાં ઉર્વશીબેનને મદદ કરવા ખોટી જુબાની આપતા હોવાનો અને તેના બોલાવવાથી જુબાની આપવા આવેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

ત્યાર બાદ વાદી તરફે આંક.૩૯ ની લેખીત પુરશીશ રજુ કરી તેમનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**(૭)** ત્યાર બાદ પ્રતિવાદી નં.૨ દિનેશભાઈ વિઠ્ઠલદાસ રાયઠઠ્ઠા નાઓનું સી.પી.સી. ઓર્ડર ૧૮, રૂલ-૪ મુજબનું પુરાવા સ્વરૂપનું સોગંદનામુ રજુ થયેલ છે જેમાં તેઓએ નીચે મુજબની હકીકતો જણાવેલ છે.

'(૧). અમો વાંધેદારો/પ્રતિવાદીઓએ આ કામે સંયુક્ત રીતે રજુ કરેલ અરજદારની અરજી સામેના વાંધા જવાબમાં જણાવેલ તમામ હીકકતો હાલના કામે લક્ષગત કરવા અરજ છે.

(૨). વાંધેદાર નં.૨/પ્રતિવાદી નં.૨ હાલની અરજી/દાવાવાળા વીલ પછી ગુજરનાર દ્વારા કરવામાં આવેલા રજીસ્ટર વીલ અનુક્રમ નં.૬૩૫ તા.૧૬/૦૨/૧૯૮૩ થી ગુજરનારે કરેલા વીલમાં જણાવેલા રાયઠઠ્ઠા પરિવારના કુળદેવી સિંધવી માતાજી પરીવારના માતાજીમાં આસ્થા ધરાવતાં સભ્ય રહેલા છીએ.

(૩). અરજદાર/વાદી હાલની અરજી/દાવો જે રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૨૧૧ તા. ૧૯/૦૭/૧૯૮૦ ના આધારે લાવેલ છે તે વીલ ગુજરનાર દ્વારા તે પછીના રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૦૨૪ તા.૨૮/૦૫/૧૯૮૨ ના આધારે રદબાતલ, બીન અમલી અને નિરર્થક ઠરાવેલ હોય અરજદાર/વાદીને હાલની અરજી/દાવો કરવા કોઈ LOCUS STANDY રહેલી ન હોય અરજદાર/વાદીની અરજી રદ થવા પાત્ર છે.

(૪). અરજદાર/વાદીએ જે વીલના આધારે હાલની પ્રોબેટ મેળવવાની અરજી/દાવો કરેલ છે જે વીલ બાદ ગુજરનાર લોહાણા હંસરાજ નાનજીભાઈ દ્વારા રજીસ્ટર અનુક્રમ નં.૨૦૨૪ તા.૨૮.૦૫.૧૯૮૨ નું તથા ત્યારબાદ રજીસ્ટર વીલ અનુક્રમ નં.૬૩૫ તા.૧૬/૦૨/૧૯૮૩ નું તથા ત્યારબાદ તા.૧૬/૦૨/૧૯૮૩ ના વીલને આનુસાંગિક તા.૧૫/૦૯/૧૯૮૮ ના રોજના પુરવણી વીલની હકીકત અરજદાર/વાદી તરફે છુપાવવામાં આવેલી હોય અને તે રીતે અરજદાર/વાદી આપ નામદાર કોર્ટ સમક્ષ WITH CLEAN HANDS આવેલા ન હોય, અરજદાર/વાદીની અરજી/દાવો રદ થવા પાત્ર છે.

(૫). વળી અરજદાર/વાદી હાલની અરજી/દાવો જે વીલ આધારે લાવેલ છે તે વીલ પછીના ગુજરનારના રજીસ્ટર અનુક્રમ નં.૨૦૨૪

તા.૨૮.૦૫.૧૯૮૨ ના વીલથી અરજદાર/વાદીની તરફેણમાં કરવામાં આવેલ વીલ રદબાતલ ઠરાવેલ હોય ત્યારે અરજદાર/વાદીને હાલની અરજી/દાવો કરવા કોઈ CAUSE OF ACTION ઉભું થયેલ હોવાનું પણ અરજદાર/વાદીની અરજી/દાવા ઉપરથી સ્પષ્ટ થતું ન હોય, અરજદાર/વાદીની અરજી/દાવો NON CAUSE OF ACTION ના કારણે રદ થવા પાત્ર છે.

(૬). વળી, અરજદારે/વાદીએ તેની હાલની અરજી/દાવામાં ગુજરનારે વીલમાં નિમણુંક કરેલા ટ્રસ્ટીઓને કે તે પૈકીના કોઈ જરૂરી અને આવશ્યક પક્ષકારને આ કામે પક્ષકાર તરીકે કે અરજદાર/વાદી તરીકે સામેલ રાખેલા ન હોય અને તે રીતે અરજદાર/વાદીની હાલની અરજી/દાવાને સ્પષ્ટપણે NON JOINDER OF NECESSARY PARTY નો સ્પષ્ટપણે બાધ નડતો હોય અરજદાર/વાદીની અરજી/દાવો આ એકમાત્ર કાનુનિ મુદ્દા આધારીત રદ થવા પાત્ર છે.

(૭). વળી,ગુજરનાર લોહાણા હંસરાજ નાનજીભાઈ દ્વારા કરવામાં આવેલ છેલ્લું રજીસ્ટર વીલ અનુક્રમ નં.૬૩૫, તા.૧૬/૦૨/૧૯૮૩ નું તથા તેને આનુસાંગિક તા.૧૫/૦૯/૧૯૮૮ ના રોજના પુરવણી વીલના પેરા–૫ મુજબ અરજીમાં જણાવેલ મકાન કોઈપણ વ્યક્તિને સ્વતંત્ર માલિક તરીકે પ્રાપ્ત થશે નહીં તેવું સ્પષ્ટ ઠરાવેલ હોય, વળી ગુજરનારે હાલની અરજી/દાવાવાળું રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૨૧૧, તા.૧૯/૦૭/૧૯૮૦ નું તે પછીના રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૦૨૪ તા.૨૮/૦૫/૧૯૮૨ ના આધારે રદબાતલ, બીન અમલી અને નિરર્થક ઠરાવેલ હોય તેમ છતાં અરજદાર/વાદી હાલની અરજી/દાવો રદબાતલ, બીન અમલી અને નિરર્થક ઠરાવેલ રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૨૧૧ તા.૧૯/૦૭/૧૯૮૦ આધારે લાવેલા હોય અરજદાર/વાદીની અરજી/દાવો રદ થવા પાત્ર છે.

(૮). અરજદાર/વાદી મંદિરમાં સેવાપૂજા કરતાં હોવાની હાલમાં અમોને કોઈ જાત માહિતી રહેલ નથી.

(૯). અરજદાર/વાદીએ ગુજરનાર હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠ્ઠા દ્વારા તા.૧૮/૦૭/૧૯૮૦ ના વીલ બાદ નવું કોઈ વીલ કે વસીયતનામું કે પુરવણી વીલ કરેલ નથી અને તેમનું દાવામાં જણાવેલ તેઓનું છેલ્લું વીલ હોવાથી અમલવારીને પાત્ર હોવાની હકીકત ખરી નથી.

(૧૦).ગુજરનારે હાલની અરજી/દાવાવાળું રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૨૧૧, તા.૧૯/૦૭/૧૯૮૦ નું તે પછીના રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૦૨૪ તા.૨૮/૦૫/૧૯૮૨ ના આધારે રદબાતલ, બીન અમલી અને નિરર્થક ઠરાવેલ હોય તેમ છતાં અરજદાર/વાદી હાલની અરજી/દાવો રદબાતલ, બીન અમલી અને નિરર્થક ઠરાવેલ રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૨૧૧ તા.૧૯/૦૭/૧૯૮૦ આધારે લાવેલા હોય અરજદાર/વાદીની અરજી/દાવો રદ થવા પાત્ર છે.

(૧૧).આ કામે અમો વાંધેદારો/પ્રતિવાદીઓ તરફે રજુ રાખેલ રજુ કરવામાં આવેલ દસ્તાવેજી આધાર પુરાવા આધારે અરજદાર/વાદી તેની હાલની અરજી/દાવાના પેરા–(૬) ના પેટા પેરા– (૧) તથા (૨) ની કોઈ દાદ કે હુકમ મેળવવાને પાત્ર થતાં ન હોય અરજદાર/વાદીની અરજી/દાવો ખર્ચ સહિત રદ કરતો ઘટીત ન્યાયીક હુકમ કરવા અરજ છે.

(૧૨).આ કામે અમો વાંધેદારો/પ્રતિવાદીઓ તરફે વાંધેદાર નં.૧/પ્રતિવાદી નં.૧ ના ફોટો આઈ.ડી.ની એટેસ્ટેડ કોપી માર્ક.૧૪/૧ થી, વાંધેદાર નં.૨/પ્રતિવાદી નં.૨ ના ફોટો આઈ.ડી.ની એટેસ્ટેડ કોપી માર્ક.૧૪/૨ થી, વાંધેદાર નં.૩/પ્રતિવાદી નં.૩ ના ફોટો આઈ.ડી.ની એટેસ્ટેડ કોપી માર્ક.૧૪/૩ થી, વાંધેદાર નં.૪/પ્રતિવાદી નં.૪ ના ફોટો આઈ.ડી.ની એટેસ્ટેડ કોપી માર્ક.૧૪/૪ થી, વાંઘેદાર નં.૫/પ્રતિવાદી નં.૫ ના ફોટો આઈ.ડી.ની એટેસ્ટેડ કોપી માર્ક.૧૪/૫ થી, વાંધેદાર નં. ૬/પ્રતિવાદી નં.૬ ના ફોટો

આઈ.ડી.ની એટેસ્ટેડ કોપી માર્ક.૧૪/૬ થી, હંસરાજ નાનજીભાઈ રાયઠઠ્ઠા દ્વારા કરવામાં આવેલ રજીસ્ટર વીલ અનુક્રમ નં.૨૦૨૪ તા.૨૮/૦૫/૧૯૮૨ ની ખરી નકલ માર્ક.૧૪/૭ થી, હંસરાજ નાનજીભાઈ રાયઠઠ્ઠા દ્વારા કરવામાં આવેલ રજીસ્ટર વીલ અનુક્રમ નં.૬૩૫, તા.૧૬/૦૨/૧૯૮૩ ની ખરી નકલ માર્ક.૧૪/૮ થી તથા હંસરાજ નાનજીભાઈ રાયઠઠ્ઠા દ્વારા કરવામાં આવેલ પુરવણી વીલ તા.૧૫/૦૯/૨૦૮૮ની અસલની ફોટો કોપી આ કામે માર્ક.૪/૯ થી રજુ રાખેલ છે વાંધેદારોના ફોટો આઈ.ડી.ની એટેસ્ટેડ કોપીઓ ધોરણસરની અસલ ઉપરથી થયેલી એટેસ્ટેડ કોપીઓ હોય તથા માર્ક.૧૪/૭ તથા માર્ક.૧૪/૮ ના દસ્તાવેજો ધોરણસરની રજીસ્ટ્રાર કચેરીએ આપેલી ખરી નકલો તથા માર્ક. ૧૪/૯ નું દસ્તાવેજ અસલની ધોરણસરની ફોટો કોપી હોય જેનો અરજદાર/વાદી પક્ષે ઈન્કાર કરેલ ન હોય, આંક આપી વંચાણે લેવા અરજ છે.'

સદર પ્રતિવાદી નં.૨ નાઓની વાદી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે કબુલ કરેલ છે કે તેઓ છેલ્લા પંચાવન વર્ષથી વેરાવળ મુકામે રહે છે. વધુમાં કબુલ કરેલ છે કે દાવા વાળી મિલ્કત લોહાણ સમાજની કે રાયઠઠ્ઠા પરીવારની માલીકીની મિલ્કત નથી. વધુમાં કબુલ કરેલ છે કે દાવા વાળી મિલક્ત હંસરાજ નાનજીભાઈ રાયઠઠ્ઠાની માલીકીની મિલ્કત છે. હંસરાજભાઈ રાયઠઠ્ઠા આશરે ત્રીસેક વર્ષ પહેલા અવસાન પામેલ છે. હંસરાજભાઈ રાયઠઠ્ઠાને કોઈ પરીવાર ન હતો. વધુમાં કબુલ કરેલ છે કે વાદી ઉર્વશીબેન નાનપણથી હંસરાજભાઈની સેવા ચાકરી કરતા હતા. વધુમાં કબુલ કરેલ છે કે હંસરાજભાઈ નાઓ વાદી ઉર્વશીબેનના નામે વસીયતનામુ કરી ગયેલ હતા. હંસરાજભાઈએ ઉર્વશીબેનના નામે કરેલ વસીયતનામુ ખોટુ હોવા બાબતે તેઓએ કોઈ દાવો કરેલ નથી. આંક.૪૯, આંક.૫૦ તથા આંક.૫૧ વાળા અસલ વીલ હાલ કોની પાસે છે તેની તેમને ખબર નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે આ

આંક.૪૯, આંક.૫૦ તથા આંક.૫૧ વાળા વીલ તેઓએ રજીસ્ટ્રાર પાસેથી કઢાવેલ છે. આંક.૪૯, આંક.૫૦ તથા આંક.૫૧ વાળા વીલ કોણે તૈયાર કરાવેલ અને કોણે રજીસ્ટર કરાવેલ તે બાબતે તેઓ માહીતગાર નથી. વધુમાં કબુલ કરેલ છે કે આંક.૪૯, આંક.૫૦ તથા આંક.૫૧ વાળા વીલ નું પ્રોબેટ મેળવવા માટે તેઓએ કે પ્રતિવાદી નં.૧ પ્રાણલાલ ગોરધનદાસ રાયઠઠ્ઠા નાઓએ કોઈ અરજી કરેલ નથી. વધુમાં આ કામે વાદીને હેરાન કરવાના ઈરાદે તેઓની હાલની અરજી વિરૂધ્ધ ખોટા વાંધા રજુ કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

ત્યાર બાદ પ્રતિવાદીઓ તરફે સાહેદ **ગજેન્દ્રભાઈ મફાભાઈ પટેલ** નાઓનું સી.પી.સી. ઓર્ડર ૧૮, રૂલ-૪ મુજબનું પુરાવા સ્વરૂપનું સોગંદનામુ રજુ થયેલ છે જેમાં તેઓએ નીચે મુજબની હકીકતો જણાવેલ છે.

'હુ ડીસેમ્બર ૨૦૨૪ થી પોરબંદર ખાતે સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવુ છુ. મને આંક-૪૯ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે લોહાણા હંસરાજભાઈ નાનજીભાઈ નાઓનું તા.૨૮/૦૫/૧૯૮૨ ના રોજ અનુક્રમ નં.૨૦૨૪ થી નોંધાયેલ વીલના અમારી કચેરીના રજીસ્ટરના ઉતારાની અમારા કચેરી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણીત નકલ છે. મને આંક-૫૦ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે લોહાણા હંસરાજભાઈ નાનજીભાઈ નાઓનું તા.૧૬/૦૨/૧૯૮૩ ના રોજ અનુક્રમ નં.૬૩૫ થી નોંધાયેલ વીલના અમારી કચેરીના રજીસ્ટરના ઉતારાની અમારા કચેરી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણીત નકલ છે. સબ રજીસ્ટ્રાર સમક્ષ વિલની નોંધણી કરાવતા સમયે વિલ કરનાર તથા તેમની ઓળખાણ આપનાર બે સાક્ષી હાજર રહેવા જરૂરી છે. આંક.૪૯ માં વિલ કરનાર તરીકે હંસરાજ નાનજી તથા સાક્ષી તરીકે હિંમતલાલ ગુલાબચંદ શાહ તેમજ પ્રાણભાઈ જેઠાભાઈ પરમાર ની સહી હોવાનો ઉલ્લેખ કરેલ છે.

આંક.૫૦ માં વિલ કરનાર તરીકે હંસરાજ નાનજી તથા સાક્ષી તરીકે હિંમતલાલ ગુલાબચંદ શાહ તેમજ બચુભાઈ આલાભાઈ ડાંગરની સહી હોવાનો ઉલ્લેખ કરેલ છે. વિલ રજીસ્ટર કરતા સમયે સૌપ્રથમ વિલ કરનાર અને ત્યારબાદ બે સાક્ષીની સહી સબ રજીસ્ટ્રાર રૂબરૂ કરાવવામાં આવે છે.'

સદર સાહેદે વાદી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે તેઓએ આંક.૪૯ થી રજુ વિલના ઉતારાની નકલ વાંચેલ છે. આંક.૪૯ વાળુ વિલ રજીસ્ટર કરતા સમયે વિલ કરનાર હંસરાજ નાનજીભાઈ લોહાણાનાઓની ઉંમર એંસી વર્ષ જણાવેલ છે. ત્યાર બાદ તેમને પુછવામાં આવેલ સવાલ કે આંક.૪૯ વાળુ વિલ રજીસ્ટર કરતા સમયે હંસરાજભાઈ લોહાણા નાઓની શારીરીક સ્વસ્થતા બાબતનુ મેડીકલ સર્ટીફીકેટ મેળવવામાં આવેલ ? તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે વિલ નોંધતા સમયે મેડીકલ સર્ટીફીકેટ મેળવવુ જરૂરી નથી અને વિલ કરાવનાર વ્યક્તિ સબ રજીસ્ટાર સમક્ષ યોગ્ય રીતે પ્રશ્નોના જવાબ આપી શકતા હોય તો તેના આધારે વિલની નોંધણી કરવામાં આવે છે.

વધુમાં તેમણે કબુલ કરેલ છે કે આંક.૪૯ તથા આંક-૫૦ વાળુ અસલ વિલ તેમણે રૂબરૂ જોયેલ નથી. વધુમાં જણાવેલ છે કે અસલ વિલ પક્ષકાર પાસે હોય છે. તેમને આંક.૨૨ બતાવવામાં આવતા તે જોઈને જણાવેલ છે કે તે વિલ તેમની કચેરીમાં નોંધાયેલ છે કે કેમ તે તેઓ તેમની કચેરીનુ રેકર્ડ તપાસ્યા વિના હાલના તબ્બકે કહી શકે નહી. વધુમાં કબુલ કરેલ છે કે આંક.૪૯ તથા આંક.૫૦ વાળા વિલની નોંધની સમયે તેઓ પોરબંદર મુકામે ફરજ બજાવતા ન હતો. વધુમાં કબુલ કરેલ છે કે તેમણે આજ રોજ આંક.૪૯ તથા આંક.૫૦ વાળા વિલ સંબંધે જણાવેલ હકીકતો તેમની કચેરીના રેકર્ડ આધારે જણાવેલ છે.

ત્યાર બાદ પ્રતિવાદીઓ તરફે આંક.૫૫ થી લેખિત પુરશીશ રજુ કરી તેમનો મૌખિક પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૭) ત્યાર બાદ વાદી તરફે આંક.૫૮ થી તથા પ્રતિવાદીઓ તરફે આંક.૫૯ થી તેમની લેખિત દલીલો રજુ રાખવામાં આવેલ છે જે માનપુર્વક વંચાણે લીધેલ છે.

(૮) આ કામે દાવાના ન્યાયીક નિરાકણ માટે તા.૨૬/૦૪/૨૦૨૩ ના રોજ આંક.૧૭ થી નીચે મુજબના મુદ્દા કાઢવામાં આવેલા છે.

**-:: મુદ્દા ::-**

(૧) શુ અરજદાર સાબિત કરે છે કે હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠા તા-૧/૯/૧૯૯૨ ના રોજ અવસાન પામેલ છે ?

(૨) શુ અરજદાર સાબિત કરે છે કે ગુજરનાર હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠા નાઓએ તેમની હયાતીમા તા-૧૮/૭/૧૯૮૦ ના રોજ વીલ કરેલ જે વીલ પોરબંદરની સબ રજીસ્ટ્રાર કચેરીમા અનુક્રમ નં. ૨૨૧૧ થી તા-૧૯/૭/ તા-૧૯/૭/૧૯૮૦ ના રોજ રજીસ્ટર કરવામા આવેલ છે ?

(૩) શુ અરજદાર સાબિત કરે છે કે ગુજરનાર હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠા ધ્વારા તા-૧૮/૭/૧૯૮૦ નુ વીલ અરજદારના નામે કર્યાથી તેમની હયાતી સુધી નવુ કોઈ વીલ કે વસીયતનામુ કે પુરવણી વીલ કરેલ નથી જેથી છેલ્લુ કરેલ વીલ અમલવારીને પાત્ર છે?

(૪) શુ વાંધેદારો/સામાવાળા સાબિત કરે છે કે અરજદારની તરફેણમા જે વીલ કરવામા આવેલ છે તે વીલ રદબાતલ ઠરાવેલ

હોય અરજદારને હાલની અરજી કરવાનુ કોઈ કારણ ઉત્પન થયેલ નથી ?

(૫) શુ વાંધેદારો/સામાવાળા સાબિત કરે છે કે અરજદારની અરજીને જરૂરી પક્ષકારોનો બાધ નડે છે ?

(૬) શુ અરજદાર માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૭) શુ હુકમ અને હુકમનામુ?

**(૯)** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

(૧) હકારમાં,
(૨) હકારમાં,
(૩) નકારમાં,
(૪) હકારમાં,
(૫) નકારમાં,
(૬) નકારમાં,
(૭) આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં.૧ થી ૫ :-**

**(૧૦)** આ કામે કેસની હકીકતો તથા બંને પક્ષોનો પુરાવો ધ્યાને લેતાં મુદ્દા નં.૧ થી ૫ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોય પુરાવાની ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના આશયથી મુદ્દા નં.૧ થી ૫ ની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

**(૧૧)** આ કામે વાદી તરફે આંક.૨૩ થી રજુ કરવામાં આવેલ મરણના દાખલાની નકલ વંચાણે લેતાં તેમાં હંસરાજ નાનજી રાયઠઠ્ઠાનાઓ તા.૦૧/૦૯/૧૯૯૨ ના રોજ રામટેકરી પોરબંદર ખાતે અવસાન પામેલ

હોવાનું તથા તેમના અવસાનની નોંધ તા.૦૨/૦૯/૧૯૯૨ ના રોજ નોંધણી ક્રમાંક ૭૦૫ થી નગર સેવા સદન પોરબંદર ખાતે જન્મ મરણ નોંધણી શાખાની સબ રજીસ્ટ્રાર સમક્ષ કરવામાં આવેલ હોવાનું જણાય છે. વધુમાં હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠ્ઠાનાઓ તા.૦૧/૦૯/૧૯૯૨ ના રોજ અવસાન પામેલ હોવાની હકીકત પ્રતિવાદી પક્ષે પણ સ્વીકારવામાં આવેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ તે મુજબ હકારમાં આપવામાં આવે છે.

આ કામે વાદી દ્વારા ગુજરનાર હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠ્ઠાએ પોતાની હયાતીમાં તા.૧૮/૦૭/૧૯૮૦ ના રોજ કરેલ વીલ કે જે પોરબંદર સબ રજીસ્ટ્રાર કચેરીમાં તા.૧૯/૦૭/૧૯૮૦ ના રોજ અનુક્રમ નં.૨૨૧૧ થી નોંધવામાં આવેલ છે તે વીલનું પ્રોબેટ મેળવવા માટે હાલનો દાવો રજુ કરેલ છે. વાદી તરફે આંક.૨૨ થી રજુ કરવામાં આવેલ વીલની પ્રમાણીત નકલ ધ્યાને લેતાં સદરહુ વીલ તા.૧૮/૦૭/૧૯૮૦ ના રોજ લખવામાં આવેલ હોવાનું તથા તા.૧૯/૦૭/૧૯૮૦ ના રોજ સબ રજીસ્ટ્રાર પોરબંદર સમક્ષ અનુક્રમ નં.૨૨૧૧ થી નોંધાયેલ હોવાનું જણાય છે. વધુમાં આંક.૨૨ વાળુ વીલ તા.૧૯/૦૭/૧૯૮૦ ના રોજ નોંધાયેલ હોવાની હકીકતનો પ્રતિવાદી પક્ષે પણ ઈન્કાર કરેલ નથી. ઉલ્ટાનું આંક.૨૨ વાળુ વીલ નોંધાયા બાદ ગુજરનાર હંસરાજભાઈ નાનજીભાઈનાઓએ અન્ય વીલ કરી આંક.૨૨ વાળા વીલને રદ બાતલ ઠેરવેલ હોવાનું જણાવેલ છે. જે હકીકત ધ્યાને લેતાં પ્રતિવાદી તરફે આંક.૨૨ વાળા વીલની નોંધણી થયેલ હોવાની હકીકતનો સ્વીકાર કરવામાં આવેલ હોવાનું જણાય છે જે સંજોગોમાં તથા વાદી તરફે રજુ થયેલ આંક.૨૨ વાળુ વીલ વંચાણે લેતાં મુદ્દા નં.૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

મુદ્દા નં.૩ સબંધે આ કામે વાદીની દાવા અરજીની રજુઆત ધ્યાને લેતાં ગુજરનાર હંસરાજભાઈ નાનજીભાઈ રાયઠઠ્ઠાનાઓએ તા.૧૮/૦૭/૧૯૮૦ ના રોજ કરેલ આંક.૨૨ વાળા વીલ બાદ પોતાની હયાતીમાં કોઈ નવું વીલ કે વસીયતનામુ કે પુરવણી બીલ કરેલ ન હોવાનું તેમજ આંક.૨૨ વાળુ વીલ હંસરાજભાઈનું છેલ્લુ વીલ હોવાનું જણાવેલ છે.

પરંતુ આ કામે પ્રતિવાદી તરફે રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતાં હંસરાજભાઇ નાનજીભાઇનાઓએ આંક.૪૯ વાળુ વીલ તા.૨૮/૦૫/૧૯૮૨ ના રોજ અનુક્રમ નં.૨૦૨૪ થી સબ રજીસ્ટ્રાર પોરબંદર સમક્ષ નોંધાવેલ હોવાનું જણાવેલ છે. જેમાં તા.૧૯/૦૭/૧૯૮૦ ના રોજ કરવામાં આવેલ આંક.૨૨ વાળા વીલને રદ તેમજ બિન અમલી અને નિરર્થક ઠરાવેલ હોવાનું જણાવેલ છે. વધુમાં પ્રતિવાદી તરફે રજુ કરવામાં આવેલ આંક.૫૩ ના સાહેદ ગજેન્દ્રભાઇ મફાભાઇ પટેલ, સબ રજીસ્ટ્રાર પોરબંદરનાઓનો કોર્ટ રૂબરૂનો પુરાવો જોતાં આંક.૪૯ વાળુ વીલ હંસરાજભાઇ નાનજીભાઇનાઓએ તા.૨૮/૦૫/૧૯૮૨ ના રોજ અનુક્રમ નં.૨૦૨૪ થી સબ રજીસ્ટ્રાર કચેરી પોરબંદર ખાતે બે સાક્ષી હિંમતલાલ ગુલાબચંદ શાહ તેમજ પ્રાણભાઇ જેઠાભાઇ પરમારની હાજરીમાં નોંધાવેલ હોવાનું જણાવે છે. જે ધ્યાને લેતાં ગુજરનાર હંસરાજભાઇ નાનજીભાઇનાઓએ આ કામે રજુ થયેલ આંક.૨૨ વાળુ વીલ પોતાના આંક.૪૯ વાળા વીલથી રદ બાતલ ઠરાવેલ હોવાનું જણાય છે. જે સંજોગોમાં આંક.૨૨ વાળુ વીલ હંસરાજભાઇ નાનજીભાઇ નાઓનું છેલ્લું વીલ કહી શકાય તેમ ન હોવાથી મુદ્દા નં.૩ નો જવાબ તે મુજબ નકારમાં આપવામાં આવે છે.

ઉપરોક્ત મુદ્દા નં.૩ ની ચર્ચાને ધ્યાને લેતાં આ કામે વાદી દ્વારા જે આંક.૨૨ વાળા વીલનું પ્રોબેટ મેળવવા માટે હાલનો દાવો રજુ કરવામાં આવેલ છે તે વીલ રદ્દ બાતલ ઠરેલ હોવાનું પુરવાર થયેલ હોય સદરહુ વીલ સબંધે પ્રોબેટ ઇશ્યુ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં પ્રતિવાદી પક્ષે આંક.૪૯ થી રજુ કરવામાં આવેલ વીલ સને ૧૯૮૨ માં એટલે કે આ કામે વાદીની પ્રોબેટ અરજી રજુ થયાના વર્ષ એટલે કે સને ૨૦૨૨ પહેલા નોંધવામાં આવેલ હોય અને તે અનુસંધાને આંક.૨૨ વાળુ વીલ રદ્દ બાતલ ઠરાવવામાં આવેલ હોય વાદીને આ કામે આંક.૨૨ વાળા વીલનુ પ્રોબેટ મેળવવા માટેનો હાલનો દાવો રજુ કરવા માટેનું કાયદેસરનું કોઇ કારણ ઉપસ્થિત થયેલ હોવાનું કહી શકાય તેમ ન હોવાથી મુદ્દા નં.૪ નો જવાબ તે મુજબ હકારમાં આપવામાં આવે છે.

પ્રતિવાદી પક્ષે આ કામે વાદીના દાવાને જરૂરી પક્ષકારોનો બાધ નડતો હોવાની તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ છે પરંતુ તે સબંધે પ્રતિવાદી પક્ષે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ ન હોય મુદ્દા નં.૫ નો જવાબ તે મુજબ નકારમાં આપવામાં આવે છે.

ઉપરોક્ત ચર્ચાને ધ્યાને લેતાં આ કામે વાદી જે આંક.૨૨ વાળા વીલનું પ્રોબેટ મેળવવા માટે હાલનો દાવો લાવેલ છે તે વીલ આંક.૪૯ વાળા વીલથી રદ્દ બાતલ ઠરાવવામાં આવેલ હોય તે વીલ અનુસંધાને વાદી દ્વારા હાલના દાવાના કામે માંગવામાં આવેલ દાદ મળવાપાત્ર હોવાનું કહી શકાય તેમ ન હોવાથી મુદ્દા નં.૬ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૭ લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

(૧) વાદીનો દાવો નામંજુર કરવામાં આવે છે.

(૨) બંને પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

હુકમ આજ તા.૧૭ લી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ- ૧૭/૦૪/૨૦૨૬**
**પોરબંદર**

**કુનાલ રાજેશભાઈ રાઠોડ**
**એડીશ્નલ સીનીયર સીવીલ જજ**
**પોરબંદર**
**(કોડ :જી.જે.૦૧૧૨૯ )**